# માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ-૨૦૦૫ અધિનિયમની કલમ-૪(ખ) હેઠળની વિગતવાર માહિતી આપતી પુસ્તિકા/માર્ગદર્શિકા

## વોલ્યુમ - ૨

## વિભાગનું નામ - ઝૂ કોમ્પલેક્ષ(ઝૂ ડિપાર્ટમેન્ટ)

**અમદાવાદ મહાનગરપાલિકા**

**ઝૂ ડિપાર્ટમેન્ટ**

**પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૫-૯-૨૦૦૬**

**બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૩-૧૧-૨૦૦૭**

**ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૧૯-૦૬-૨૦૦૮**

**ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૧૩-૦૫-૨૦૦૯**

**પાંચમી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૨૩-૦૬-૨૦૧૧**

**છઠ્ઠી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૦૪-૦૪-૨૦૧૩**

**સાતમી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૩૦-૦૬-૨૦૧૪**

**આઠમી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૨૬-૦૫-૨૦૧૫**

**નવમી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૩૦-૦૪-૨૦૧૬**

**દસમી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૦૧-૦૬-૨૦૧૭**

**અગીયારમી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૦૧-૦૫-૨૦૧૮**

**બારમી આવૃત્તિ પ્રસિદ્ધ કર્યા તારીખ : ૦૧-૦૫-૨૦૧૯**

**કુલ પાના : ૫૧**

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ નં. | પ્રકરણની વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧. | ૧ | સંગઠનની વિગતો, વ્યવસ્થા તંત્ર,<br>કાર્યો અને ફરજો | ૪ થી ૧૯ |
| ૨. | ૨ | અધિકારીઓ અને કર્મચારીઓની<br>સત્તાઓ અને ફરજો | ૨૧ થી ૨૪ |
| ૩. | ૩ | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પદ્ધતિ | ૨૬ |
| ૪. | ૪,૫ | કાર્યો બજાવવા નક્કી કરેલા ધોરણો તથા<br>કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિયમો,<br>સુચનાઓ, નિયમસંગ્રહ, દફ્તરો | ૨૮ |
| ૫. | ૬ | સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ<br>પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક | ૩૦ |
| ૬. | ૭ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં<br>જનતાના સભ્યો સાથે પરામર્શ | ૩૨ |
| ૭. | ૮ | વ્યવસ્થા તંત્રના ભાગ તરીકે અથવા સલાહના<br>હેતુ માટે બે કે તેથી વધુ વ્યક્તિઓના બનેલા<br>બોર્ડ કે સમિતિની નોંધ બાબત. | ૩૪ |
| ૮. | ૯,૧૦ | અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા<br>અને તેમને વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે<br>મળતું માસિક વળતર. | ૩૬ |
| ૯. | ૧૧ | વ્યવસ્થાતંત્રને ફાળવાયેલ અંદાજપત્ર | ૩૮ થી ૩૯ |
| ૧૦. | ૧૨,૧૩ | આર્થિક સહાય બાબત, આપેલ છૂટછાટો,<br>પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો. | ૪૧ થી ૪૫ |
| ૧૧. | ૧૪ | ઈલેક્ટ્રોનીક સ્વરૂપે માહિતી | ૪૭ |
| ૧૨. | ૧૫ | ગ્રંથાલય, વાંચનાલય | ૪૯ |
| ૧૩. | ૧૬ | જાહેર માહિતી અધિકારીઓના નામ,<br>હોદ્દો, સરનામા, ફોન નંબર. | ૫૧ |
| ૧૪. | ૧૭ | માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ<br>સવલતોની વિગતો | ૫૩ થી ૫૪ |

# પ્રકરણ - ૧

# સંગઠનની વિગતો, વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતુ)

## પાના નં. ૪ થી ૧૯

# પ્રકરણ - ૧
# સંગઠનની વિગતો, વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો

## અમદાવાદ મહાનગર પાલિકા
## ઝૂ કોમ્પ્લેક્ષ (ઝૂ ખાતુ)

**૧.૧ કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડન, કાંકરીયાની સ્થાપના અને હેતુ :**

અમદાવાદ શહેરમાં આવેલ કાંકરીયા તળાવની ફરતે, ઊંચી નીચી ટેકરીઓનો વિકાસ કરી સને ૧૯૫૧માં કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે ઝૂમાં જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપો રાખવામાં આવતાં હતાં. પાછળથી આ પ્રાણી સંગ્રહાલયને સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હીની માન્યતા મળતાં તેના નીતિ નિયમોને આધારે ઝૂ ની કામગીરી થાય છે. ઝૂનો મુખ્ય ઉદ્દેશ નાશપ્રાય વન્ય જીવોનું સંરક્ષણ, શિક્ષણ અને સંશોધન છે. દર વર્ષે ઝૂ ની સમીક્ષા સૂચનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી તરફથી થાય તે મુજબ પણ તેનો અમલ કરવામાં આવે છે. નવા પ્રોજેક્ટ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નાણાંકીય સહાય ગ્રાન્ટ દ્વારા કરે છે.

**૧.૨ પ્રાણીસંગ્રહાલયની માહિતી :**

વિશ્વના વિવિધ દેશોના વિવિધ પશુઓ, પક્ષીઓ, સરીસૃપો આ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવે છે. જેની સંખ્યા ૨૩૭૫ જેટલી અને જાતિઓ ૯૯ જેટલી છે. આ પ્રાણીઓની વૈજ્ઞાનિક ઢબે સારસંભાળ રાખવામાં આવે છે. તથા તેઓને કુદરતી વાતાવરણ પુરુ પાડવામાં આવે છે. ઉપરાંત પાંજરામાં માળા તથા અન્ય સુવિધા પુરી પાડી પશુ-પક્ષી-સરીસૃપોનું પ્રજનન સરળતાથી થાય છે. તેથી જાનવરોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે ઝૂ માં કિંમતી પશુ-પક્ષીઓ જેવા કે નીકોબાર પીજીયન, સામાન્ય મોર, સ્પૂનબીલ, રોજી પેલીકન, વ્હાઈટ ઈબીસ, પહાડી હોલા,પહાડી પોપટ, તૂઈ, સૂડો પોપટ, નક્તા બતક, નાઈટ હેરોન, જાવા સ્પેરો, બજરીગર, લવબર્ડ, કોકેટીલ, શિયાળ, વાનર, રેસસ મંકી, હોગ ડીયર, વાગોળ, સ્પોટેડ ડીયર, શાહુડી, ભારતીય અજગર, પાણીના સાપ,જમીનના તથા પાણીના કાચબાના બચ્ચાં થવાથી તેમની સંખ્યા ઉત્તરોત્તર વધી છે.

**નોક્ટરનલ ઝૂ :** નોક્ટરનલ પ્રાણી દિવસ દરમિયાન સુઈ જતા હોય છે અને રાત્રિમાં જાગે છે. આ કારણસર દિવસ દરમિયાન જ્યારે કાંકરિયા પ્રાણીસંગ્રહાલય મુલાકાતીઓ માટે ખુલ્લુ હોય ત્યારે મુલાકાતીઓ આ પ્રાણીઓને જોઈ શકતા નહોતા. તેથી કાંકરિયા પ્રાણીસંગ્રહાલય દ્વારા નોક્ટરનલ ઝૂ નવુ બનાવવામાં આવેલ હોઈ તા. ૨૫ મી ડિસેમ્બર ૨૦૧૭ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે મુલાકાતીઓ માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. જેનો મોટી માત્રામાં મુલાકાતીઓ લાભ લે છે.




નોક્ટરનલ ઝૂનો મુખ્ય હેતુ મુલાકાતીઓ તથા ખાસ કરીને સ્કુલ, કોલેજના સ્ટુડન્ટ આ પ્રાણીઓની ખાસિયતો દિવસ દરમિયાન જોઈ શકતા નહોતા કે તેનો અભ્યાસ કરી શકતા નહોતા તે કરી શકશે. નોક્ટરનલ ઝૂ ની ડિઝાઈન સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી દ્વારા એપ્રુવ કરવામાં આવેલ છે.

આ નોક્ટરનલ ઝૂ ભારતના કોઈ જ ઝૂ માં નથી તેવુ અલગ પ્રકારનુ ૯૦૦૦ ચો.મીટર વિસ્તારમાં થ્રી લેયરમાં બનાવવામાં આવ્યુ છે. જેમાં જમીનની અંદર દર બનાવીને રહેતા પ્રાણીઓ શાહુડી, કાંટા શેળીયો, જમીન ઉપર રહેતા પ્રાણીઓ જેવા કે શિયાળ, ઝરખ, દિપડા તથા વૃક્ષો ઉપર રહેતા પ્રાણીઓ વાગોળ, ચામાચિડિયા, ચીબરી, નાઈટ હેરોન વિગેરે કાચના કેબીન વાળા પાંજરા તેમજ ખુલ્લી જગ્યામાં જોઈ શકાય છે તથા મુલાકાતીઓ પણ આ પ્રાણીઓની ગૂફામાં પ્રવેશ કરે છે તેવો આબેહુબ વાતાવરણનો અનુભવ કરી શકે છે.



આ નોક્ટરનલ ઝૂ ની વિશેષતા એ છે કે તેમાં  મુલાકાતીઓને અને પ્રાણીઓને ગુફામાં સારી કુદરતી હવા મળે અને યોગ્ય તાપમાન પણ જળવાઈ રહે તે માટે આપણા આ નોક્ટરનલ ઝૂ માં દેશમાં સર્વપ્રથમ જીઓથર્મલ સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે ઉપરાંત માટીની દિવાલો (રેમ્ડ અર્થ) બનાવવામાં આવેલ છે તથા પ્રાણીઓના પાંજરાની અંદરનું પાણી રીસાઈકલીંગ થાય તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી તે પાણી રીસાયક્લીંગ કરી તેનો ગાર્ડનીંગના કામમાં ઉપયોગ થઈ શકશે.

**બેટરી ઓપરેટેડ કાર :**

પ્રાણીસંગ્રહાલય હસ્તક આવેલ વિવિધ વિભાગો જેવાકે ઝૂ, નોકટરનલ ઝૂ, બાલવાટિકા, બટરફલાય પાર્ક, મ્યુઝીકલ ફાઉન્ટેન, નગીનાવાડી તથા કાંકરિયા લેક ફ્રન્ટમાં  આવનાર મુલાકાતીઓ ચાલવાના કારણે શારિરીક થાક અનુભવે છે અને મોટી ઉંમર તેમજ બાળકો થાકના કારણે તેઓ  કેટલાક કાંકરિયા ઝૂ તથા પરીસરમાં આવેલ વિભાગો જોવાથી વંચિત ન રહે અને તમામ વિભાગો સરળતાથી જોઈ શકે તે માટે બેટરી ઓપરેટેડ કાર/ ઈલેકટ્રીક વ્હીકલની સુવિધાઓ પ્રાણીસંગ્રહાલય તથા કાંકરિયા લેક ફ્રન્ટના દરેક ગેટ ઉપર ઉપલબ્ધ કરવા માટે ઝૂ ખાતા દ્વારા આયોજન કરતાં આ વર્ષે કાંકરિયા કાર્નીવલ ૨૦૧૮ દરમ્યાન તા.૨૫.૧૨.૨૦૧૮ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે ઉદઘાટન કરી બેટરી ઓપરેટેડ કારની સેવાઓ મુલાકાતીઓ માટે શરૂ કરવામાં આવેલ છે.



કાંકરિયામાં હવે ઇલેક્ટ્રિક કાર આવી ગઈ નવગુજરાત સમય

કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં હવે ઇલેક્ટ્રિક કાર શરૂ કરવામાં આવી છે જે બાળકો વૃદ્ધો તેમજ શારીરિક રીતે અશક્ત લોકો માટે ઇલેક્ટ્રિક કાર આશીર્વાદ સમાન બની રહી છે. કારમાં બેસીને આખુય કાંકરિયા નિહાળવાનું સરળ બની રહેતા કારની માગ વધી છે. તસવીરઃ શૈલેષ સોલંકી

**નવગુજરાત સમય તા. ૦૧.૦૩.૨૦૧૯**


**એનીમલ એક્ષચેન્જ :-**

અહેવાલી વર્ષ દરમ્યાન સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હીની મંજુરીથી ૦૩ જોડ દિપડાઓ તા.૦૯.૦૭.૨૦૧૮ના રોજ લાયન ટાઈગર સફારી પાર્ક, શીમોગા, કર્ણાટકથી લાવવામાં આવેલ છે.

ગુજરાત સમાચાર મંગળવાર, તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૧૮

કાંકરિયા ઝૂમાં ૬ નવા મહેમાનોનું આગમન

# કર્ણાટકના ટાઈગર સફારી પાર્કમાંથી કુલ ૬ દીપડા કાંકરિયા ઝૂ માં લાવવામાં આવ્યા



(તસ્વીર : ગૌત્તમ મહેતા)

અમદાવાદ,સોમવાર

અમદાવાદના કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં ૬ નવા મહેમાનોનું આગમન થયું છે. કર્ણાટકના શીમોગા લાયન ટાઈગર સફારી પાર્કમાંથી ૩ થી ૫ વર્ષના ૬ દીપડાઓને અહીંયા લાવવામાં આવ્યા છે. જેમાં ત્રણ નર અને ત્રણ માદા દીપડા છે. જેમને તબક્કાવાર નિશાચર પ્રાણી સંગ્રહાલયમાં મૂકવામાં આવનાર છે. હાલમાં તેઓને કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવ્યા છે. ઝૂ માં દીપડાઓની કુલ સંખ્યા હવે ૯ થઈ ગઈ છે.

આ અંગે કાંકરિયા પ્રાણી સંગ્રહાલયના સુપ્રિટેન્ડેન્ટ આર.કે.શાહુએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નવી દિલ્હીની મંજૂરી બાદ કર્ણાટકમાંથી આ દીપડાઓને લવાયા છે.

કાંકરિયા પ્રાણી સંગ્રહાલય પાસે ૩ દીપડા હતા જે વયોવૃદ્ધ થઈ ગયા છે. જેઓને નવા બનાવવામાં આવેલા નિશાચર પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવતા કાંકરિયા ઝૂ માં એકપણ દીપડો નહોતો.

જેને લઈને અન્ય રાજ્યોમાંથી દીપડાઓ મંગાવવા માટે પત્રો લખાયા હતા. કર્ણાટક અને મહારાષ્ટ્રે દીપડાઓ આપવાની સ્વીકૃતિ આપી હતી. જેમાં કર્ણાટકે તત્પરતા દાખવીને આ ૬ દીપડાઓ આપ્યા છે. જેઓને એક મોટા ટ્રકમાં ૬ પાંજરાઓમાં લવાયા હતા.

હાલમાં આ દીપડાઓને કાંકરિયા ઝૂ માં જ રાખવામાં આવશે. કાંકરિયા ઝૂ માં હાલમાં ૧,૮૯૯ પશુ-પક્ષીઓની સંખ્યા છે. જેમાં સિંહ-સિંહણ-૩, વાઘ-વાઘણ-૩, હિમાલયન રીંછ-૨, હિપોપોટેમસ-૨, ઝરખ-૧ છે. હવે કાંકરિયામાં દીપડાની સંખ્યા ૯ થઈ ગઈ છે.જે હવે મુસાલાકીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

**દીપડાઓને ઝૂ માં મૂકતા પહેલાં એક મહિનો નિરીક્ષણ હેઠળ રખાયા હતા**

કર્ણાટકમાંથી લવાયેલા ૩ માદા દીપડાના નામ બનશંકરી, તુંગા અને કલ્પના છે. જ્યારે અન્ય ૩ નર દીપડાના નામ પ્રદિપા, પ્રવિના, અને સંદિપ છે. જેમની ઉંમર ૩ થી ૫ વર્ષની છે. કાંકરિયામાં જે ૩ દીપડા છે. તેઓના નામ અનુક્રમે શનિ, જયા અને મીલી છે. જેઓની ઉંમર ૧૬ થી ૧૮ વર્ષની છે. જે હવે વૃદ્ધ થઈ ગયા છે. દીપડાનું આયુષ્ય ૧૨ થી ૧૫ વર્ષનું હોય છે. દીપડો દિવસમાં ત્રણ કિલો માસ ખાતા હોય છે. એક મહિના પહેલા કર્ણાટકથી આ ૬ દીપડાઓને અમદાવાદમાં લવાયા હતા. જોકે મુલાકાતીઓના સીધા સંપર્કમાં આવે તે પહેલા તેઓની વર્તન, સ્વભાવ, અને હવામાનની અનુકુળતા અંગે નિરિક્ષણ કરાતું હોય છે. તેથી તેઓએ અત્યાર સુધી જુના ઝૂ માં એકાંતમાં રાખવામાં આવ્યા હતા. એક માસના નિરિક્ષણ બાદ તેઓ હવે ઝૂ માં મૂલાકાતીઓ જોઈ શકે તે માટે પાંજરામાં મૂકવા લાયક લાગતા તેઓને આજથી ત્યાં મૂકાયા છે.

**દીપડાના બ્રીડિંગ પર પ્રતિબંધ હોવાથી નર-માદાને અલગ રખાશે**

કર્ણાટકથી લવાયેલા દીપડાઓને નિશાચર ઝૂ ના બે ડાર્ક રૂમમાં અને ઓપન પાંજરામાં જરૂરીયાત મુજબ રાખવામાં આવશે. જોકે નર-માદા દીપડા એકબીજાના સંપર્કમાં ન આવે તે માટે નર-નર અને માદા-માદા એમ બે જૂથમાં રાખવામાં આવશે. આ અંગે આર.કે.શાહુના જણાવ્યા મુજબ દેશમાં દીપડાઓની સંખ્યા વધુ હોવાથી તેઓના બ્રિડીંગ પર સરકારે પ્રતિબંધ મૂકેલો છે. જેને લઈને નર-માદા દીપડાઓને અલગ રાખવામાં આવશે.

**દીપડા આવે ત્યારે કૂતરાઓ ભસવાનું ભૂલી જતા હોય છેઃ કૂતરા, વાંદરા પ્રિય ખોરાક**

ગુજરાત સહિત દેશભરમાં દીપડાઓની સંખ્યા ખૂબ જ વધી ગઈ છે. સમયાંતરે દીપડાઓ ગામડાઓમાં, શહેરોમાં ઘૂસી જઈને જાનવરોને મારી નાંખે છે, નાના બાળકોને ઉઠવી જાય છે તેમજ માનવીને ઘાયલ કરી નાંખતા હોવાના અનેક બનાવો સામે આવતા હોય છે. દીપડો એ લુચ્ચુ પ્રાણી છે. ઝાડ પર ચઢવાની અને ગમે ત્યાં સંતાઈ જવાની તેની ખાસ આવડત છે. દીપડોએ નિશાચર પ્રાણી છે જે રાત્રિ દરમિયાન શિકાર માટે નીકળતું હોય છે. કૂતરા અને વાંદરા તેના પ્રિય ખોરાક છે. ગામમાં દીપડો આવે તો કૂતરાઓ ગભરાટના માર્યા ભસવાનું પણ ભૂલી જતા હોય છે. દીપડો ઝાડ પર ચઢીને વાંદરાનો શિકાર કરવાની આવડત ધરાવતો હોય છે.

**ગુજરાત સમાચાર તા.૨૧. ૦૮.૨૦૧૮**

## ૧.૩ વેટરીનરી સર્વિસીસ :

ઝૂ માં રાઉન્ડ ધ ક્લોક વેટરીનરી સેવા ઉપલબ્ધ છે. તે માટે ઝૂ માં વેટરીનરી ડૉક્ટર જાનવરોનું નિરીક્ષણ કરે છે અને જાનવર બિમાર જણાય તો તાત્કાલિક સારવાર આપે છે. જો જાનવર વધુ બિમાર હોય તો ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી સારવાર અપાય છે. ઉપરાંત જાનવરોને ઋતુ પ્રમાણે વિવિધ રસીઓ, દવાઓ, એન્ટીસ્ટ્રેસ સારવાર ઉપરાંત ડીવર્મીંગ અને ડીસઈન્ફેક્શન પણ કરે છે. જાનવરોમાં વિવિધ રોગના નિદાન માટે જરૂરી સેમ્પલો લઈ ચકાસણી પણ કરવામાં આવે છે. ઈમરજન્સી માટે વાયરલેસ સેટ આપેલ છે. તેનો પણ ઉપયોગ થાય છે. ઠંડી-ગરમી, વરસાદથી જાનવરોના રક્ષણ માટે પણ વ્યવસ્થા ગોઠવેલી છે. કિંમતી જાનવરોની હીસ્ટ્રી કાર્ડમાં નોંધ રાખવામાં આવે છે.

## ૧.૪ ઝૂ એજ્યુકેશન :

ઝૂ ની મુલાકાતે આવતાં સ્કુલના બાળકોને તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વેટરીનરી કોલેજ,ઝૂઓલોજી સ્ટુડન્ટ, સેપ્ટ, આઈ.આઈ.એમ., એન.આઈ.ડી., ફાઈન આર્ટસના સ્ટુડન્ટો ઝૂ માં માર્ગદર્શન માટે આવે છે તથા રીસર્ચ પણ કરે છે અને ઝૂ ના અધિકારીશ્રીઓ તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે. ઉપરાંત વન્ય પ્રાણી સપ્તાહ, એનીમલ વેલ્ફેર પખવાડીયાની પણ ઉજવણી કરવામાં આવે છે. વેટરીનરી કોલેજ સ્ટુડન્ટ નવસારી, દાંતીવાડા અને આણંદથી ઈન્ટરશીપ માટે આવે છે. ઉપરાંત સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હીની ૧૦૦% ગ્રાન્ટ સહાયથી એનીમલ કીપર્સ તાલીમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદ ઝૂ સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હીની માન્યતા મુજબ વેસ્ટર્ન રીઝીયન ઓફ ઈન્ડીયાનું એનીમલ કીપર્સ તાલીમનું સેન્ટર છે.

કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં તા.૦૧.૧૦.૧૮ થી તા.૦૭.૧૦.૧૮ દરમ્યાન **વન્ય પ્રાણી સપ્તાહની** ઉજવણી તથા તા.૧૪.૦૧.૨૦૧૯ થી તા.૩૦.૦૧.૨૦૧૯ દરમ્યાન **એનીમલ વેલ્ફેર પખવાડીયાની** ઉજવણી કરવામાં આવી જેમાં સવારે ૦૯.૦૦ વાગ્યાથી ૧૨.૦૦ વાગ્યા સુધી ૧૨ વર્ષના બાળકોને વિના મૂલ્યે કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો તથા ટચ ટેબલ દ્વારા વન્ય પ્રાણીઓની માહિતી આપવામાં આવી ઉપરાંત કિપર ટોક દ્વારા બાળકો તથા મુલાકાતીઓને ઝૂ તથા વાઈલ્ડલાઈફ અંગેની માહિતી આપવામાં આવી.

## **૧.૫ ફ્રેન્ડસ ઓફ ઝૂ યોજના**

**<u>વન્ય પશુ-પંખીઓને એડોપ્ટ (ફ્રેન્ડસ ઓફ ઝૂ) કરવા માટે પાળવાની શરતો :-</u>**

૧. પ્રાણીસંગ્રહાલયનો દર વર્ષે પ્રસિધ્ધ થતો વાર્ષિક વહીવટી અહેવાલમાં ફ્રેન્ડસ ઓફ ઝૂનું નામ પ્રસ્સિધ કરવામાં આવશે.અને જે તે પશુ-પંખીને એડોપ્ટ કરેલ હશે તે વ્યકતિ કે સંસ્થાને સર્ટિફિકેટ આપવામાં આવશે.

૨. ફ્રેન્ડસ ઑફ ઝૂને વર્ષ દરમ્યાન બે વખત ચાર-ચાર પ્રવેશ ટિકીટ વિનામૂલ્યે આપવામાં આવશે.જેથી તે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઈ શકશે

૩.પ્રાણીસંગ્રહાલયમાં શૈક્ષણિક કાર્યક્રમો રાખવામાં આવે ત્યારે ફ્રેન્ડસ ઑફ ઝૂને કાર્યક્રમમાં આમંત્રણ આપવામા આવશે.

૪.જાનવરોને વિવિધ ઋતુમાં જેવી કે ઠંડીમાં હીટર, ચોમાસામાં પોલીથીનનું સારૂ કાપડ અને ગરમીમાં એર કુલર,એ.સી., પાણીના છાંટવા માટે પ્લાસ્ટીકના પાઈપો માટેનો ખર્ચ 'ફ્રેન્ડસ ઑફ ઝુ' બનનાર વ્યકતિ/ સંસ્થા આપી શકશે.

૫.જાનવરોના આધુનિક પાંજરાના બાંધકામ માટે થનાર ખર્ચ,તેમજ જાનવરોના પાંજરામાં જે ઈલેકટ્રીક/ ઈલેકટ્રીક ખર્ચ થાય તે ફ્રેન્ડસ ઑ ઝૂ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૬.ઝુની અંદર આવતા મુલાકાતીઓને ઠંડુપાણી પીવા માટે મળી શકે તે માટે વોટરકુલર,અપંગ વ્યકતિ માટે વ્હીલચેર, સાઉન્ડ સીસ્ટમ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝુ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૭.જાનવરો માટેની હોસ્પીટલમાં જરૂરી મેડીકલ ઈકવીપમેન્ટ,મેડીસીન્સ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિ આપી શકશે.

૮.પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓને બેસવા માટે વિસામાનો ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિ આપી શકશે.

૯.પ્રાણીસંગ્રહાલયમાં વૃક્ષારોપણ,ગ્રીન પેચની કામગીરી માટે થનાર ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૦ પ્રાણીસંગ્રહાલયમાંથી એડોપ્ટ કરેલા વન્ય પશુ-પક્ષીઓ-સરીસૃપ ઝૂની અંદર પાંજરામાં જે તે અવસ્થામાં જ રેહશે.એડોપ્ટ પશુ-પંખી-સરીસૃપને વ્યકતિ કે સંસ્થાએ હાથ લગાવી , રમાડવાનું કે ખોરાક આપી શકશે નહીં. તેમજ પોતાની સાથે પણ લઈ જઈ શકશે નહીં.

૧૧.સિંહ,વાઘ,હાથી વિગેરે પશુ-પક્ષી અને સરીસૃપને એડોપ્ટ કરનાર ફ્રેન્ડઝ ઑફ ઝૂ નું નામ જે તે પાંજરા પાસે ૧૨ ઈંચ ૯ ઈંચ સાઈઝની પ્લેટ ઉપર સંસ્થા/ વ્યકિતનું નામ પ્રર્દશીત કરવામાં આવશે.

૧૨.વન્ય પશુ-પક્ષીઓ માટે વીમા પોલીસીના પ્રીમીયમની રકમ પણ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૩.ફ્રેન્ડસ ઑફ ઝૂ જે તે પ્રાણીના ફકત મિત્ર તરીકે ગણાશે.અને ફ્રેન્ડસ ઑફ ઝૂ એડોપ્ટ કરેલા વન્ય પશુ પક્ષી-સરીસૃપના માલીક ગણાશે નહીં.

૧૪.આ અંગે કોઈ વાદ વિવાદ સર્જાય તો અમદાવાદની કોર્ટની હકુમતમાં(અમદાવાદ જયુરીડીકશન) જ રેહશે.

૧૫. ઉપરોકત દર્શાવેલી શરતો સિવાય કોઈ શરત મ્યુ.કમિશનરશ્રીને યોગ્ય જણાય તે શરત ઉમેરી શકશે અને કોઈપણ વન્ય પશુ-પંખી-સરીસૃપ ફ્રેન્ડસ ઑફ ઝૂ તરીકે આપવુ કે નહીં તેનો આખરી નિર્ણય મ્યુ.કમિશનરશ્રીનો અબાધિત રેહશે.

**ઝૂ ઓફીસ ફોન નં.૦૭૯-૨૫૪૬૩૪૧૫**

નોંધ- ચેક મ્યુનિસિપલ કમિશનરશ્રી,અમદાવાદના નામે લખવો.

# કમલા નહેરૂ પ્રાણીસંગ્રહાલય કાંકરિયા ,અમદાવાદ.

| પશુ,પક્ષી અને સરીસૃપ પ્રાણીઓની નંગ દીઠ વાર્ષિક ખર્ચની અંદાજીત માહીતી |
|---|
| પ્રાણીઓ |

| અ.નં. | નામ | વાર્ષિક ખોરાકી ખર્ચ | વાર્ષિક વ્યવસ્થા ખર્ચ | વાર્ષિક કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | હાથી | ૨,૫૭,૦૦૦ | ૧૨૬૦ | ૨,૫૮,૨૬૦ |
| ૨ | હિપ્પોપોટેમસ | ૧,૫૦,૦૦૦ | ૧૨૬૦ | ૧,૫૧,૨૬૦ |
| ૩ | વાઘ - નર | ૧,૨૫,૦૦૦ | ૧૨૬૦ | ૧,૨૬,૨૬૦ |
| | વાઘ- માદા | ૧,૦૦,૦૦૦ | ૧૨૬૦ | ૧,૦૧,૨૬૦ |
| ૪ | સિંહ-નર | ૧,૨૫,૦૦૦ | ૧૨૬૦ | ૧,૨૬,૨૬૦ |
| | સિંહ-માદા | ૧,૦૦,૦૦૦ | ૧૨૬૦ | ૧,૦૧,૨૬૦ |
| ૫ | દિપડા-નર | ૩૭,૦૦૦ | ૧૨૬૦ | ૩૮,૨૬૦ |
| | દિપડા-માદા | ૩૧,૦૦૦ | ૧૨૬૦ | ૩૨,૨૬૦ |
| ૬ | રીંછ | ૨૨,૦૦૦ | ૧૨૬૦ | ૨૩,૨૬૦ |
| ૭ | જરખ | ૧૪,૦૦૦ | ૧૨૬૦ | ૧૫,૨૬૦ |
| ૮ | વરૂ | ૧૪,૦૦૦ | ૧૨૬૦ | ૧૫,૨૬૦ |
| ૯ | શિયાળ | ૧૪,૦૦૦ | ૧૨૬૦ | ૧૫,૨૬૦ |
| ૧૦ | નીલગાય | ૧૪,૦૦૦ | ૧૨૬૦ | ૧૫,૨૬૦ |
| ૧૧ | સાંબર | ૧૪,૦૦૦ | ૧૨૬૦ | ૧૫,૨૬૦ |
| ૧૨ | ચિત્તા બિલાડી | ૯,૦૦૦ | ૧૨૬૦ | ૧૦,૨૬૦ |
| ૧૩ | હરણ | ૮,૦૦૦ | ૧૨૬૦ | ૯,૨૬૦ |
| ૧૪ | વનીયર | ૭,૦૦૦ | ૧૨૬૦ | ૮,૨૬૦ |
| ૧૫ | જળ બિલાડી | ૭,૦૦૦ | ૧૨૬૦ | ૮,૨૬૦ |
| ૧૬ | વાનર | ૬,૦૦૦ | ૧૨૬૦ | ૭,૨૬૦ |
| ૧૭ | સિયામીસ બલાડી | ૫,૦૦૦ | ૧૨૬૦ | ૬,૨૬૦ |
| ૧૮ | વાગોળ | ૧,૫૦૦ | ૧૨૬૦ | ૨,૭૬૦ |
| ૧૯ | કાંટા શેરો | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| ૨૦ | પોરકયુપાઈન | ૧,૫૦૦ | ૧૨૬૦ | ૨,૭૬૦ |
| ૨૧ | વાઈલ્ડ બોર | ૭,૦૦૦ | ૧૨૬૦ | ૮,૨૬૦ |

| પક્ષીઓ- | | | | |
|---|---|---|---|---|
| ૧ | ઈમુ | ૧૮,૦૦૦ | ૧૨૬૦ | ૧૯,૨૬૦ |
| ૨ | કસાવરી | ૧૮,૦૦૦ | ૧૨૬૦ | ૧૯,૨૬૦ |
| ૩ | રોઝી પેલીકન | ૧૪,૦૦૦ | ૧૨૬૦ | ૧૫,૨૬૦ |
| ૪ | તમામ સ્ટોર્ક (ધોકડુ) (હાડગીલ્લો,ચિત્રદેહી,કાળી ડોક,સફેદ ડોક. ) | ૧૪,૦૦૦ | ૧૨૬૦ | ૧૫,૨૬૦ |
| ૫ | ગીધ | ૯,૦૦૦ | ૧૨૬૦ | ૧૦,૨૬૦ |
| ૬ | હંસ. | ૯,૦૦૦ | ૧૨૬૦ | ૧૦,૨૬૦ |
| ૭ | મિલેટરી મેકાઉ | ૫,૦૦૦ | ૧૨૬૦ | ૬,૨૬૦ |
| ૮ | ક્રાઉન પીજીયન | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| ૯ | છીંછરા પાણીના પક્ષીઓ (ઈગ્રેટસ,કાંકરોલી,ચમચા, નિશાચર,કોરમોરેન્ટ,ટીંટોડી) | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| ૧૦ | નકતા બતક | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| ૧૧ | વ્હીસલીંગ ટીલ | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| ૧૨ | કાકાકૌઆ | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| ૧૩ | પેરાકીટ (પહાડી,સૂડો,કોનુર,મદન-ગોર,તુઈ,નાના મેકાઉ.) | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| ૧૪ | મોર | ૩,૦૦૦ | ૧૨૬૦ | ૪,૨૬૦ |
| ૧૫ | ઘુવડ | ૩,૦૦૦ | ૧૨૬૦ | ૪,૨૬૦ |
| ૧૬ | લોરીકીટ | ૩,૦૦૦ | ૧૨૬૦ | ૪,૨૬૦ |
| ૧૭ | ફેઝન્ટ (સિલ્વર,ગોલ્ડન,ગ્રીન,લેડી એમ.) | ૨,૫૦૦ | ૧૨૬૦ | ૩,૭૬૦ |
| ૧૮ | આફ્રિકનક્રાઉનક્રેન | ૨,૦૦૦ | ૧૨૬૦ | ૩,૨૬૦ |
| ૧૯ | નીકોબારપીજીયન | ૧,૭૦૦ | ૧૨૬૦ | ૨,૯૬૦ |
| ૨૦ | લવબર્ડ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| ૨૧ | બજરીગર | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| ૨૨ | કોકેટીલ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| ૨૩ | જાવા સ્પેરો | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |

| | | | | |
|---|---|---|---|---|
| **૨૪** | મુનીયા | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૨૫** | ફીંચ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૨૬** | ડવ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૨૭** | વિવિધ કબુતર | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| | | **સરીસૃપ** | | |
| **૧** | માર્શ/દરીયાઈ-મગર | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| **૨** | વોટર મોનીટર | ૪,૦૦૦ | ૧૨૬૦ | ૫,૨૬૦ |
| **૩** | ઘડિયાળ મગર | ૩,૦૦૦ | ૧૨૬૦ | ૪,૨૬૦ |
| **૪** | અજગર | ૨,૦૦૦ | ૧૨૬૦ | ૩,૨૬૦ |
| **૫** | કોમન મોનીટર | ૨,૦૦૦ | ૧૨૬૦ | ૩,૨૬૦ |
| **૬** | એસીલેટ ક્રોબ્રા | ૧,૫૦૦ | ૧૨૬૦ | ૨,૭૬૦ |
| **૭** | ધામણ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૮** | સેન્ડ બોઆ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૯** | પાણીના સાપ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૧૦** | ટોરટોઈઝ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૧૧** | ટરટલ | ૧,૦૦૦ | ૧૨૬૦ | ૨,૨૬૦ |
| **૧૨** | એનાકોન્ડા | ૫૦,૦૦૦ | | ૫૦,૦૦૦ |

**અમદાવાદ મહાનગર સેવા સદન**

**ઝૂ ડિપાર્ટમેન્ટ**

**ફ્રેન્ડસ ઑફ  ઝૂ યોજના હેઠળ પાર્ટી દ્રારા દત્તક લીધેલ પ્રાણીઓ બાબતે પાર્ટીઓનું રજીસ્ટ્રેશન ફોર્મ**

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | પાર્ટીનું નામ . | |
| ૨ | પાર્ટીનું સરનામું. | |
| ૩ | પાર્ટીનો ફોન નંબર. | ઓફિસ નં.<br>રહેઠાણ નં.<br>મો.નં.<br>ઈ-મેલ |
| ૪ | દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપનું નામ. | |
| ૫ | દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપની સંખ્યા. | |
| ૬ | પ્રાણી/પક્ષી/સરીસૃપ દત્તક લીધા તારીખ. | |
| ૭ | દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપનો વેલીડીટી પીરીયડ. | |
| ૮ | ભરેલ નાણાં રૂપિયા. | |
| ૯ | ભરેલ નાણાંની વિગત.રોકડા/ચેક. | |
| ૧૦ | ઈસ્યુ એન્ટ્રી પાસ વિગત. | |

**ખાસ નોંધ :- ફ્રેન્ડસ ઑફ ઝૂ યોજના ઝૂના પ્રાણીઓની સારસંભાળ સારીરીતે થાય તે માટે અમલમાં મુકેલ છે. જે માટે આપ તરફથી સજેશન આવકાર્ય છે. તે માટે આપશ્રી અમારો ઑફિસમાં રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરી શકો છો. પરંતુ તેનાથી અમારા દૈનિક કામમાં કે અમારી ઝૂની દૈનિક કામગીરીમાં અગવડતા  ન સર્જાય તે મુજબ આપ તરફથી સહકાર મળે તે ખાસ જરૂરી છે.**

**આ સાથે સામેલ શરતો અમોએ વાંચી/સમજી છે. તથા તે અમોને કબુલ મંજુર છે.**

**તા.**

**દત્તક  લેનાર પાર્ટીની સહી**

**ઝૂ ડાયરેક્ટર**

**૧.૬ રસાલા ગાર્ડન :**

એલીસબ્રીજ વિસ્તારમાં ૧૯૯૨માં આ ગાર્ડનની શરૂઆત થઈ હતી. જેમાં જાત જાતના પશુ પક્ષીઓને રાખી મીની ઝૂ વિકસાવવામાં આવેલ. જેમાં હરણ, કાચબા, સસલાં, ગીનીપીગ, વાંદરા, લવબર્ડ, બજરીગર, કબૂતરો વિગેરેનો સમાવેશ થાય છે. આ પાર્ક બાળકોમાં ખૂબ જ લોકપ્રિય છે. જિરાફનું સ્ટ્રક્ચર લપસણી સાથે છે. ઉપરાંત ઝૂલા-હીંચકાઓની બાળકો ખૂબ જ મજા માણે છે.

**૧.૭ બગીચાઓ :**

વનટ્રી હીલ ગાર્ડન બગીચાને ઝૂ ખાતા દ્વારા વિકસાવી તેમાં કિંમતી ફૂલછોડ લોન પ્લોટ વિ. ઉછેરી સુંદર બગીચો બનાવવામાં આવ્યો છે.

**૧.૮ બટરફ્લાય પાર્ક :**

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કમલા નેહરૂ ઝૂઓલોજીકલ ગાર્ડન હસ્તક વન્ટ્રી હિલ ગાર્ડનના એક ભાગમાં ૮૦૦૦ સ્કવેર મીટરમાં બટરફલાય પાર્ક બનાવવામાં આવેલ છે જેનું ઉદ્‌ઘાટન તા.૨૫ ડીસેમ્બર ૨૦૧૨ના રોજ માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌ હસ્તે કરીને આ બટરફ્લાયપાર્ક મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. બટરફલાય પાર્કમાં ૨૦૦ જાતિના વિવિધ પ્રકારના ૧૬૦૦૦ ફુલછોડ ઉગાડવામાં આવેલા છે અને તેમાં રંગબેરંગી સુગંધીત ફુલો આવેલા છે આ બટરફલાય પાર્કમાં લેન્ડ સ્કેપીંગ કરીને લોન પ્લોટ બનાવેલ છે તેમાં વિવિધ પ્રકારના બે નવા ફુવારાઓ મુકવામાં આવેલા છે.જેથી ૪૦ જેટલી જાતિના પતંગીયા આર્કષીત થઈને બટરફલાય પાર્કમાં આવે છે.
- બટરફ્લાયપાર્કમાં મુલાકાતીઓ માટે સ્કાયડરમેન રાઈડસ પણ આવેલ છે.

**૧.૯ નગીનાવાડી :**

નગીનાવાડીમાં અલ્ટ્રાફાસ્ટ મ્યુઝિકલ ફાઉન્ડેશન વીથ લેસર શો બનાવવામાં આવેલ છે. જેનું તા. ૧૨-૧૧-૦૪ના રોજ મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. કાંકરીયા તળાવમાં બોટીંગ પણ આવેલ છે.

### ૧.૧૦ ચાચા નહેરુ બાલવાટિકાની માહિતી :

બાળકોના બૌદ્ધિક વિકાસ અને જ્ઞાન સાથે ગમ્મત મળે તે માટે ચાચા નહેરુ બાલવાટિકા બનાવવામાં આવ્યું છે. જેને શહેરમાં મનોરંજનનું ટોચનું સ્થાન મેળવ્યું છે. અહીં ૩૦૦ વર્ષ જુનો કલાત્મક હિંડોળો, સતત પાણી રેલાવતી પનિહારી ઉપરાંત કાચ ઘર મુલાકાતીઓ માટેનું મુખ્ય આકર્ષણ છે. બાલવાટિકામાં નીચે મુજબ જુદા જુદા સેક્શનો આવેલાં છે.

**(૧) પંચતંત્ર વાટિકા :-**

બાલવાટિકામાં પંચતંત્રવાટિકા પૈકી વાનર તથામગરની વાર્તાનુ થ્રી.ડી મોડેલ મુલાકાતીઓ માટે આવેલ છે

**(૨) નાવડી :**

અહીં લાકડાની કોતરણીવાળા પશુ-પક્ષીઓના રમકડાં, ફોટોગ્રાફ્સ તથા આઝાદી અગાઉના રજવાડાની આશરે ૨૦૦૦ વર્ષ જુની નોટો અને ચલણી સિક્કા ગોઠવવામાં આવ્યાં છે.

**(૩) ઢીંગલીઘર :**

વિશ્વની વિવિધ દેશોની ઢીંગલીઓ તથા મહાપુરુષોના ફોટોગ્રાફ્સ મુકી આ ઢીંગલી ઘરની આજુબાજુ ગામડાનું તથા ખેતરનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે.

**(૪) પાણીનો ધોધ:-**

બાલવાટીકામાં પ્રવેશતાં કુદરતી વાતાવરણનો એહસાસ કરાવતો પાણીનો ધોધ આવેલો છે. જેના દ્વારા બાલવાટિકાની સુંદરતામાં વધારો થાય છે.

**(૫) ઓપનએર થિયેટર :**

અહીં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી, બાળકોમાં સર્જન શક્તિનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે.

**(૬) નભોદર્શન**

કાંકરિયા બાલવાટિકા ખાતે આવેલા નભોદર્શનનુ નવસર્જન કરવામાં આવેલ છે. જેમાં અહીં ૨૧મી સદીના બાળકો માટેનું ખગોળશાસ્ત્રનું ગમ્મત સાથેનું જ્ઞાન મળે તે હેતુથી અદ્યતન સાધનો દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યુ છે. જેની વશેષતાઓ આ પ્રમાણે છે.પાંચ મીટરની ડાયામીટર ધરાવતુ ઓડીયોવીઝયુઅલ ઈફેકટ આપતુ પ્લેનેટોરીયમ.,સીત્તેર વ્યકિતઓને સમાવેશ કરતુ એકટીવીટી સેન્ટર, જુદા જુદા એસ્ટ્રોનોમી મોડેલ અને પોસ્ટર સાથેનું પ્રદર્શન.,ચાલીસ ફુટની ઉંચાઈ ધરાવતુ પી.એસ.એલ.વી. રોકેટ અને આર્યભટ્ટ,ઉપગ્રહનું મોડલ.,૩૫૦૦ વૈજ્ઞાનિક પુસ્તકોની ઈ-લાયબ્રેરી ,પુસ્તકો અને સાયન્સ પ્રોજેકટ ધરાવતી શોવિનીયર શોપ.,બાળકોને સોલર સીસ્ટમ બાબતે માહિતી મળશે., બાળકો ટેલીસ્કોપ દ્વારા આકાશદર્શન કરી શકશે.,નભોદર્શનમાં બાળકોને નક્ષત્રો, રાશિઓ,બ્રહ્માંડના રહસ્યો જાણવા મળે છે.

**૧.૧૧ પ્રાકૃતિક સંગ્રહસ્થાનની માહિતી :**

આ મ્યુઝિયમની સ્થાપના ઈ.સ. ૧૯૭૫માં કરવામાં આવેલ છે. જે પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકાનો જ ભાગ છે. આ મ્યુઝિયમમાં ગુજરાતના દુર્લભ પક્ષીઓ તથા પ્રાણીઓને કુશળતાપૂર્વક તૈયાર થયેલા ૧૫ આકર્ષક ડાયોરમામાં રજુ કરવામાં આવેલ છે. મુલાકાતીઓના માનસપટ ઉપર તે પક્ષીઓનું તથા પ્રાણીઓનું આબેહુબ સ્વરૂપ ખડું થાય તે માટે તેઓને જુદી જુદી સ્થિતિમાં કુદરતી વાતાવરણમાં અંગભંગ સ્થિતીમાં પ્રદર્શીત કરેલ છે. અહીં માર્ગદર્શન સેવા આપવામાં આવે છે અને ફોટોગ્રાફી પણ કરવા દેવામાં આવે છે.

## ૧.૧૩ ઝૂ કોમ્પલેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલી આવકની માહિતી :

| ક્રમ | વર્ષ | ઝૂ | નોક્ટરનલ ઝૂ | બાલવાટિકા | વોટરપાર્ક | નગીનાવાડી | ફ્રેન્ડસ ઓફ ઝૂ | પાર્કીંગ | બટરફ્લાય પાર્ક | ગ્લાયડર રાઈડ્સ | નભોદર્શન | અન્ય આવક | બેટરી કાર | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૨૦૧૫ | ૩૫૮૮૦૧૦૦ | | ૨૦૧૨૪૩૬ | ૧૮૫૬૭૩૬ | ૪૯૬૧૯૯૬ | ૪૪૧૩૬૦ | ૯૩૪૫૪૫ | ૧૬૨૪૯૪૦ | ૧૩૧૬૮૦ | ૪૫૩૮૭ | ૫૦૬૪૫ | ---- | ૪૭૯૩૯૮૨૫ |
| ૨ | ૨૦૧૫-૨૦૧૬ | ૩૬૮૬૨૮૬૦ | | ૧૮૧૩૭૯૫ | ૧૮૫૬૭૩૬ | ૫૬૬૧૯૯૬ | ૫૦૮૧૪૦ | ૨૮૫૪૫૫૦ | ૧૬૫૩૫૧૦ | ૧૧૩૨૩૮ | ૧૧૬૫૫ | ૧૨૨૧૯ | ---- | ૫૧૩૪૮૬૯૯ |
| ૩ | ૨૦૧૬-૨૦૧૭ | ૩૨૭૩૯૦૬૩ | | ૧૪૮૦૧૧૩ | ૧૮૫૬૭૩૬ | ૭૪૫૯૫૫૦ | ૭૮૨૭૪૦ | ૩૬૬૬૯૩૫ | ૧૬૦૧૫૨૫ | ૨૬૧૫૨૬ | ------- | ૯૮૦૦૦ | ---- | ૪૯૯૪૬૧૮૮ |
| ૪ | ૨૦૧૭-૨૦૧૮ | ૩૦૦૦૫૯૦૫ | ૯૦૯૧૭૯૦ | ૧૩૦૦૭૮૬ | ૨૨૬૫૭૨૧ | ૫૪૭૭૫૫૬૯ | ૩૯૯૧૦૦ | ૪૭૪૪૭૬૦ | ૧૩૬૪૪૯૦ | ૧૩૩૬૫૨ | ૧૭૭૫ | ૧૨૬૭૦૪ | ---- | ૫૪૭૭૫૫૬૯ |
| ૫ | ૨૦૧૮-૨૦૧૯ | ૧૫૮૭૧૫૯૦ | ૩૯૨૫૬૩૪૦ | ૧૦૨૭૯૦૭ | ---- | ૫૭૭૮૫૭૭ | ૪૭૮૪૮૦ | ૬૨૯૫૨૮૩ | ૧૩૬૭૮૯૫ | ૧૮૫૮૧૬ | ૨૬૭૮ | ૯૮૭૦૦ | ૧૭૧૪૨૦ | ૭૦૫૩૪૬૮૬ |

## ૧.૧૪ ઝૂ કોમ્પલેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ મુલાકાતીઓની સંખ્યા :

| ક્રમ | વર્ષ | ઝૂ | નોક્ટરનલ ઝૂ | બાલવાટિકા | ને.હિ.મ્યઝીયમ | બટરફલાય પાર્ક | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૨૦૧૫ | ૨૦૮૦૧૪૧ | | ૭૫૭૩૩૨ | ૭૫૭૩૩૨ | ૧૮૪૪૭૧ | ૩૭૭૯૨૭૬ |
| ૨ | ૨૦૧૫-૨૦૧૬ | ૨૧૩૫૧૧૬ | | ૬૭૬૮૮૨ | ૬૭૬૮૮૨ | ૧૯૧૦૮૬ | ૩૬૭૯૯૬૬ |
| ૩ | ૨૦૧૬-૨૦૧૭ | ૧૯૦૪૧૩૦ | | ૫૬૫૨૧૬ | ૫૬૫૨૧૬ | ૧૭૨૩૦૮ | ૩૨૦૬૮૭૦ |
| ૪ | ૨૦૧૭-૨૦૧૮ | ૧૭૯૧૨૫૯ | ૨૪૭૪૪૨ | ૬૭૭૩૫૫ | ૬૭૭૩૫૫ | ૧૫૦૧૩૭ | ૩૫૪૩૫૪૮ |
| ૫ | ૨૦૧૮-૨૦૧૯ | ૧૮૩૧૩૧૪ | ૯૧૩૫૨૨ | ૩૮૧૧૯૫ | ૩૮૧૧૯૫ | ૧૫૦૨૬૯ | ૩૬૫૭૪૯૫ |

**૧.૧૫ ઝૂ કોમ્પલેક્ષના કાર્યો અને ફરજો :**

ઝૂ કોમ્પલેક્ષના તમામ વિભાગોનું મેનેજમેન્ટ કરવું.

**અધિકારીનું નામ** : ડૉ. આર. કે સાહુ

**હોદ્દો** : ઝૂ ડાયરેક્ટર

**પગાર ધોરણ રૂ.** : ૭૮,૮૦૦ – ૨,૦૯,૨૦૦

**સરનામું** : ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરી
કમલા નહેરુ પ્રાણી સંગ્રહાલય
કાંકરીયા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**ફોન નં. (ઓફિસ)** : ૦૭૯-૨૫૪૬૩૪૧૫

**(મોબાઈલ)** : ૯૩૨૭૦૩૮૭૯૧

# પ્રકરણ - ૨

# અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

## પાના નં. ૨૧ થી ૨૪

# પ્રકરણ : ૨

# અધિકારીઓ અને કર્મચારીઓની

# સત્તાઓ અને ફરજો.

૨.૧ ઝૂ કોમ્પલેક્ષના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો નીચે મુજબ છે.

| અ.નં. | જગ્યાની ની સંખ્યા | અધિકારી/કર્મચારીનો હોદ્દો | પગાર ધોરણ | સત્તા અને ફરજો |
|---|---|---|---|---|
| ૧. | ૧ | ઝૂ ડાયરેક્ટર | ૭૮,૮૦૦ – ૨,૦૯,૨૦૦ | ઝૂ કોમ્પલેક્ષનું મેનેજમેન્ટ |
| ૨. | ૧ | ડે. ઝૂ સુપ્રિટેન્ડેન્ટ | ૫૩,૧૦૦ – ૧,૬૭,૮૦૦ | એનીમલ મેનેજમેન્ટ કરવું. |
| ૩. | ૧ | ઈન્ચાર્જ ઓફિસર બાલવાટિકા | ૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦ | બાલવાટિકા, ને.હી. મ્યુ., વોટર પાર્કનું મેનેજમેન્ટ કરવું. |
| ૪. | ૧ | આસી. ઝૂ. સુપ્રિટેન્ડેન્ટ | ૪૪,૯૦૦ –૧,૪૨,૪૦૦ | એનીમલ મેનેજમેન્ટ કરવું. |
| ૫. | ૧ | ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૪૪,૯૦૦ –૧,૪૨,૪૦૦ | ઝૂ કોમ્પલેક્ષની વહીવટી કામગીરી |
| ૬. | ૧ | વેટરીનરી ઓફિસર | ૪૪,૯૦૦ –૧,૪૨,૪૦૦ | એનીમલ મેનેજમેન્ટ કરવું. |
| ૭. | ૧ | બાયોલોજીસ્ટ | ૩૯,૯૦૦ –૧,૨૬,૬૦૦ | ઝૂ એનીમલ બાયોલોજી એન્ડ રીસર્ચ કરવું. |
| ૮. | ૧ | એજ્યુકેશન ઈન્સપેક્ટર | ૨૯,૨૦૦ –૯૨,૩૦૦ | ઝૂ એજ્યુકેશન કરવું. |
| ૯. | ૧ | ઝૂ ઈન્સપેક્ટર | ૨૯,૨૦૦ –૯૨,૩૦૦ | ઝૂ સુપરવિઝન કરવું. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | ૧ | સ્ટોર કીપર | ૩૫,૪૦૦-૧,૧૨,૪૦૦ | પ્રાણીઓના ખોરાકની વ્યવસ્થા કરવી. |
| ૧૧. | ૧ | વોર્ડન સુપરવાઈઝર | ૨૯,૨૦૦ –૯૨,૩૦૦ | બાલવાટિકાના વિભાગોનું સુપરવિઝન કરવું. |
| ૧૨. | ૧ | સીની. હેડ એનીમલ કીપર | ૨૯,૨૦૦ –૯૨,૩૦૦ | પ્રાણીઓની સાર-સંભાળ રાખવી. |
| ૧૩. | ૧ | સીની. લેબ. ટેકનીશીયન | ૨૯,૨૦૦ –૯૨,૩૦૦ | પ્રયોગશાળા મેનેજમેન્ટ કરવું. |
| ૧૪. | ૩ | લાઈવસ્ટોક ઈન્સપેક્ટર | ૨૫,૫૦૦ –૮૧,૧૦૦ | પ્રાણીઓની દેખરેખ રાખવી. |
| ૧૫. | ૨ | સીનીયર ક્લાર્ક | ૨૫,૫૦૦ –૮૧,૧૦૦ | વહીવટી હિસાબી કામગીરી કરવી. |
| ૧૬. | ૧ | લાઈબ્રેરીયન | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | લાઈબ્રેરીને લગતી કામગીરી કરવી. |
| ૧૭. | ૧ | આસી. રીલી. લાઈબ્રેરીયન | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | લાઈબ્રેરીને લગતી કામગીરી કરવી |
| ૧૮. | ૯ | જુનીયર ક્લાર્ક / બુકિંગ ક્લાર્ક | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | વહીવટી હિસાબી અને બુકિંગની કામગીરી બુકિંગ ક્લાર્ક કરવી. |
| ૧૯. | ૨ | હેડ એનીમલ કીપર | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | પ્રાણીઓની સાર-સંભાળ રાખવી |
| ૨૦. | ૧ | આસી. હેડ. એનીમલ કીપર | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | પ્રાણીઓની સાર-સંભાળ રાખવી |
| ૨૧. | ૧ | ઝૂ આર્ટીસ્ટ | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | ઝૂ કોમ્પલેક્ષમાં પેઈન્ટીંગને લગતી કામગીરી કરવી. |
| ૨૨. | ૨ | બાલવાટિકા સુપરવાઈઝર | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | ઝૂ કોમ્પલેક્ષ વિભાગનું સુપરવિઝન કરીને તમામ કામગીરી કરવી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | ૧ | વાયરમેન | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | ઝૂ કોમ્પલેક્ષ વિભાગોમાં ઈલેક્ટ્રીક વ્યવસ્થાની કામગીરી કરવી. |
| ૨૪. | ૧ | મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક ઈન્સ્ટ્રુમેન્ટને મીકેનીક લગતી | ૧૯,૯૦૦ –૬૩,૨૦૦ | બાલવાટિકા ખાતે મ્યુઝીકલ કામગીરી કરવી. |
| ૨૫. | ૨ | સીનીયર માળી | ૧૫,૭૦૦ –૫૦,૦૦૦ | બગીચાને લગતી કામગીરી કરવી. |
| ૨૬. | ૨ | ઝૂ બુકીંગ ગાઈડ | ૧૫,૭૦૦ –૫૦,૦૦૦ | બુકિંગને લગતી કામગીરી કરવી. |
| ૨૭. | ૧ | મ્યુઝીયમ સુપરવાઈઝર | ૧૫,૭૦૦ –૫૦,૦૦૦ | મ્યુઝીયમ મેનેજમેન્ટ કરવું. |
| ૨૮. | ૫ | ઝૂ એનીમલ સેક્સન કીપર | ૧૫,૭૦૦ –૫૦,૦૦૦ | સેક્સનના પ્રાણીઓની સારસંભાળ રાખવી. |
| ૨૯. | ૪ | બાલવાટિકા એની. સેક્સન કીપર | ૧૫,૭૦૦ –૫૦,૦૦૦ | સેક્સનના પ્રાણીઓની સારસંભાળ રાખવી. |
| ૩૦. | ૪ | બાલવાટિકા સેક્સન કીપર | ૧૫,૦૦૦ –૪૭,૬૦૦ | બાલવાટીકા સેક્સનની સારસંભાળ રાખવી. |
| ૩૧. | ૨ | આસી. એલીફન્ટ એનીમલ કીપર | ૧૫,૦૦૦ –૪૭,૬૦૦ | હાથીઓની સાર-સંભાળ રાખવી. |
| ૩૨. | ૩૦ | એનીમલ કીપર | ૧૫,૦૦૦ –૪૭,૬૦૦ | પ્રાણીઓની સાર-સંભાળ રાખવી. |
| ૩૩. | ૫ | ઝૂ ગાઈડ | ૧૪,૮૦૦ –૪૭,૧૦૦ | ટીકીટબારી ઉપર કામગીરી કરવી. |
| ૩૪. | ૬ | બાલવાટિકા ગાઈડ | ૧૪,૮૦૦ –૪૭,૧૦૦ | ટીકીટબારી ઉપર કામગીરી કરવી. |
| ૩૫. | ૪ | મ્યુઝીયમ એટેન્ડન્ટ | ૧૪,૮૦૦ –૪૭,૧૦૦ | મ્યુઝીયમને લગતી કામગીરી કરવી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૬. | ૨ | ઓફિસ એટેન્ડન્ટ | ૧૪,૮૦૦ –૪૭,૧૦૦ | ઓફિસમાં પટાવાળાની કામગીરી કરવી. |
| ૩૭. | ૪૦ | ગાર્ડન મજુર | ૧૪,૮૦૦ –૪૭,૧૦૦ | ઝૂ કોમ્પ્લેક્ષમાં ગાર્ડનીંગની કામગીરી કરવી. |
| ૩૮. | ૭ | બુકિંગ હેલ્પર | ૧૪,૮૦૦ –૪૭,૧૦૦ | ટીકીટબારી ઉપર કામગીરી કરવી. |
| ૩૯. | ૪ | સફાઈ કામદાર | ૧૪,૮૦૦ –૪૭,૧૦૦ | સફાઈને લગતી કામગીરી કરવી. |
| ૪૦. | ૧ | ઝૂ એડવાઈઝર | ફીક્સ ૧,૫૦૦ | ઝૂ ના વિકાસ માટેની કામગીરી બાબત. |

# પ્રકરણ - ૩

# નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

## અમદાવાદ મહાનગરપાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતુ)

## પાના નં. – ૨૬

# પ્રકરણ - ૩

# નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

## ૩.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે અનુસરવામાં આવતી કાર્યપદ્ધતિ.

જુદા જુદા કામો અંગે નિર્ણય માટે અસ્તિત્વમાં પાવર ડેલીગેશનના અમલમાં રહેલા નિયમો અંતર્ગત જરૂરી નિર્ણય લેવા માટે સંબંધીત જુનીયર/સીનીયર ક્લાર્ક દ્વારા નોંધ ઓફિસ સુપ્રિ/ઈન્ચાર્જ ઓફીસર બાલવાટીકા તરફ ત્યાંથી ઝૂ ડાયરેક્ટર શ્રી તરફ છેવટે વિભાગના ડે.મ્યુ.કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી તરફ નિર્ણય માટે અભિપ્રાય સહ નોંધ મુકે છે અને કમિશ્નરશ્રી દ્વારા અથવા સંબંધીત કમીટી કે જનરલ બોર્ડ દ્વારા જરૂરી નિર્ણય ઠરાવવામાં આવે છે. જેનો અમલ કરવામાં આવે છે.

# પ્રકરણ - ૪ અને ૫

# કાર્યો બજાવવા નક્કી
# કરેલા ધોરણો
# તથા
# કાર્યો બજાવવા
# માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ,
# નિયમસંગ્રહ,
# દફ્તરો

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતુ)

## પાના નં. – ૨૮

**પ્રકરણ ૪ અને ૫ : કાર્યો બજાવવા નક્કી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિમયો, સુચનાઓ, નિયમ સંગ્રહ, દફતરો.**

૪,૫.૧ : ઝૂ કોમ્પલેક્ષના કાર્યો બજાવવા માટે નીચે મુજબના નિયમો, વિનિમયો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોને અનુસરવામાં આવે છે.

- **બી.પી. એમ.સી. એક્ટ,**

  અમદાવાદ મહાનગર પાલિકા,

  અમદાવાદ.

- **વન્ય પ્રાણી સંરક્ષણ ધારો - ૧૯૭૨**

  વન અને પર્યાવરણ મંત્રાલય,

  ભારત સરકાર,

  નવી દિલ્હી.

- **પ્રાણીસંગ્રહાલયની નીતિઓ (ઝૂ પોલીસીસ્)**

  સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી,

  વન અને પર્યાવરણ મંત્રાલય,

  ભારત સરકાર,

  નવી દિલ્હી.

# પ્રકરણ - ૬

# સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

પાના નં. ૩૦

# પ્રકરણ - ૬

## સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક

૬.૧ ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું) ના દસ્તાવેજો વિષયની માહિતી તથા આ દસ્તાવેજો કોનાં નિયંત્રણમાં છે. તે અંગેની માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **દસ્તાવેજની કક્ષા** | **દસ્તાવેજનું નામ અને અને તેની એક લીટીમાં ઓળખાણ** | **દસ્તાવેજ મેળવવાની કાર્યપદ્ધતિ** | **નીચેની વ્યક્તિ પાસે છે. / તેના નિયંત્રણમાં છે.** |
|---|---|---|---|---|
| ૧. | દફતર | કામના તુમારો | ઝૂ ડાયરેક્ટરશ્રી ને જરૂરી વિગત સંબંધી અરજી કરવી. | ઝૂ ડાયરેક્ટર |
| ૨. | દફતર | ઠરાવો | ઝૂ ડાયરેક્ટરશ્રી ને જરૂરી વિગત સંબંધી અરજી કરવી. | ઝૂ ડાયરેક્ટર |

# પ્રકરણ-૭

# નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં જનતાના સભ્યો સાથે પરામર્શ

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

## પાના નં. ૩૨

# પ્રકરણ - ૭

# નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં

# જનતાનાં સભ્યો સાથે પરામર્શ

૭.૧ ઝૂ કોમ્પલેક્ષના વિકાસ માટે માન. કાઉન્સીલરશ્રીઓ, માન. ધારાસભ્યશ્રીઓ, માન. સાંસદશ્રીઓ તરફથી સલાહ સૂચનો તથા માર્ગદર્શન મળે છે અને ચર્ચાઓ થાય છે. ઉપરાંત ઝૂ કોમ્પલેક્ષના વિકાસ માટે તેઓશ્રી તેમના બજેટમાંથી ગ્રાન્ટ ફાળવે છે.

૭.૨ ઝૂ ના વિકાસ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી તરફથી પણ નવીન પ્રોજેક્ટ માટે તથા શૈક્ષણિક તાલીમ, કોન્ફરન્સ માટે આર્થિક સહાય મળે છે.

૭.૩ ઝૂ કોમ્પલેક્ષમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે નિયમાનુંસાર કરાર પેપર કરીને સક્ષમ સત્તાની મંજુરીથી નવીન પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવે છે. સદર કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયંત્રણમાં રહીને પ્રાઈવેટ પાર્ટી/કોન્ટ્રાક્ટરે કરવાની હોય છે.

# પ્રકરણ - ૮

## વ્યવસ્થાતંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે
## બે કે તેથી વધુ વ્યક્તિના
## બનેલા બોર્ડ કે
## સમિતિની નોંધ બાબત.

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

## પાના નં. ૩૪

# પ્રકરણ - ૮

# વ્યવસ્થાતંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતું માટે બે કે તેથી વધુ વ્યક્તિના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબત.

૮.૧ વ્યવસ્થાતંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યક્તિના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબતે નીચે મુજબની સમિતિઓ આવેલી છે.

- **રીક્રીએશનલ , કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી**

  અમદાવાદ મહાનગર પાલિકા,

  અમદાવાદ.

- **સ્ટેન્ડીંગ કમિટી**

  અમદાવાદ મહાનગર પાલિકા,

  અમદાવાદ.

- **મ્યુનિસિપલ બોર્ડ**

  અમદાવાદ મહાનગર પાલિકા,

  અમદાવાદ.

# પ્રકરણ - ૯ અને ૧૦

# અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા અને તેમને વિનયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે મળતું માસિક વળતર.

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

## પાના નં. ૩૬

## પ્રકરણ - ૯ અને ૧૦

## અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તીકા અને તમને વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે મળતું માસિક વળતરની માહિતી નીચેના સરનામેથી મળી શકશે.

**ઓફિસનું સરનામું** : ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરી, કમલા નહેરુ ઝૂ લોજીકલ ગાર્ડન,
કાંકરીયા, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

ફોન નં. (ઓફિસ) : ૦૭૯ - ૨૫૪૬૩૪૧૫,

અમદાવાદ મહાનગર પાલિકા - ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

# પ્રકરણ - ૧૧

# વ્યવસ્થાતંત્રને
# ફાળવાયેલ
# અંદાજપત્ર

## અમદાવાદ મહાનગર પાલિકા

## ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

## પાના નં. ૩૮ થી ૩૯

# પ્રકરણ - ૧૧
# વ્યવસ્થાતંત્રને ફાળવાયેલ અંદાજપત્ર

## ૧૧.૧ ઝૂ કોમ્પલેક્ષ અંદાજપત્ર
## ૨૦૧૯-૨૦૨૦

| અનં. | સદર (બજેટ હેડ) રેવન્યુ | મંજુર થયેલ રકમ |
|---|---|---|
| ૧. | પગારખર્ચ | ૪,૬૮,૯૪,૦૦૦/- |
| ૨. | ટેલીફોન બીલ (રહેઠાણ) | ૨૦,૦૦૦/- |
| ૩. | યુનિફોર્મ | ૨,૦૦,૦૦૦/- |
| ૪. | ટેલીફોન તથા ટ્રંકકોલ (ઓફિસ) | ૭૫,૦૦૦/- |
| ૫. | પોસ્ટેજ તથા ટેલિગ્રામ | ૧૦,૦૦૦/- |
| ૬. | સ્ટેશનરી | ૨,૦૦,૦૦૦/- |
| ૭. | પ્રિન્ટીંગ | ૧૩,૦૦,૦૦૦/- |
| ૮. | ઝેરોક્ષ | ૧૫,૦૦૦/- |
| ૯. | મુસાફરી ખર્ચ | ૭૫,૦૦૦/- |
| ૧૦. | વાર્ષિક મહોત્સવ, ઉજવણી પ્રસંગો | ૪૦,૦૦૦/- |
| ૧૧. | ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીનો ખર્ચ | ૫૦,૦૦૦/- |
| ૧૨. | પુસ્તકો, અખબારો, સામયિકો, રમકડાં | ૨૦,૦૦૦/- |
| ૧૩. | અન્ય ખર્ચા | ૫,૦૦,૦૦૦/- |
| ૧૪. | ઓફિસ | ૪,૦૦,૦૦૦/- |
| ૧૫. | બગીચા તથા વૃક્ષોની જાળવણી | ૩૫,૦૦,૦૦૦/- |
| ૧૬. | ઝૂ પાંજરા | ૭૦,૦૦,૦૦૦/- |
| ૧૭. | સંદેશા વ્યવહાર, વાયરલેસ | ૧,૦૦,૦૦૦/- |
| ૧૮. | ટેબલ તથા ખુરશી, બાંકડા, બેંચ | ૧,૦૦,૦૦૦/- |
| ૧૯. | પંખા તથા લાઈટ ફીટીંગ્સ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૦. | પ્રાણીઓ તથા પશુ વિગેરે | ૦૦/- |
| ૨૧. | વીજળી ખર્ચ (લાઈટ એનર્જી) | ૯૦,૦૦,૦૦૦/- |
| ૨૨. | પેટ્રોલ/ડીઝલ | ૩,૨૦,૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૨૩. | રાંધણગેસ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૪. | દવાઓ | ૨,૦૦,૦૦૦/- |
| ૨૫. | પ્રાણીઓ તથા પક્ષીઓ માટે ખોરાક | ૨,૨૦,૦૦,૦૦૦/- |
| ૨૬. | અન્ય માલ સામાન તથા સ્ટોર્સ | ૧,૩૦,૦૦૦/- |
| ૨૭. | એરકન્ડીશનર, એરકુલર્સ, રેફ્રીજરેટર્સ તથા વોટર કુલર્સ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૮. | પમ્પ તથા કોમ્પ્રેસર અને મશીનરી | ૦૦/- |
| ૨૯. | વાહન ખર્ચ | ૭૦,૦૦૦/- |
| | **કુલ રૂા.** | **૯,૨૫,૧૯,૦૦૦/-** |

| **અનં.** | **સદર (બજેટ હેડ) કેપીટલ** | **મંજુર થયેલ રકમ** |
|---|---|---|
| **૧** | ઝૂ પાંજરા | **૬,૦૦,૦૦,૦૦૦/-** |
| | **કુલ રૂા.** | **૧૫,૨૫,૧૯,૦૦૦/-** |

# પ્રકરણ - ૧૨ અને ૧૩

# આર્થિક સહાય બાબત,
# આપેલ છૂટછાટો,
# પરવાનગીઓ અથવા
# અધિકૃતિઓ
# મેળવનારાની વિગતો

# અમદાવાદ મહાનગર પાલિકા

# ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતું)

# પાના નં. ૪૧ થી ૪૫

# પ્રકરણ - ૧૨ અને ૧૩
# આર્થિક સહાય બાબત, આપેલ છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો

## ૧૨-૧૩.૧ પ્રાણીસંગ્રહાલયની માહિતી

**(૧) ટીકિટના દરની વિગત** — **દર (રૂા.)**

| | |
|---|---|
| ● ૩ વર્ષ સુધીના બાળકોને મફત પ્રવેશ | - |
| ● ૩ વર્ષ થી ૧૨ વર્ષ સુધીની વ્યક્તિઓ માટે (બાળક પ્રવેશ) | ૧૦-૦૦ |
| ● ૧૨ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે (વાલી પ્રવેશ) | ૨૦-૦૦ |
| ● શૈક્ષણિક પ્રવેશ ટિકીટ | ૫-૦૦ |
| ● દર ગુરુવારે શૈક્ષણિક પ્રવાસે આવતી સંસ્થાઓને મફત પ્રવેશ | - |
| ● વિકલાંગ મુલાકાતીઓને મફત પ્રવેશ | - |
| ● સાદા કેમેરા પ્રવેશ ટિકીટ | ૫-૦૦ |
| ● મુવી કેમેરા (૮ એમ.એમ.) પ્રવેશ ટિકીટ | ૨૫-૦૦ |
| ● મુવી કેમેરા (૧૬ એમ.એમ.) પ્રવેશ ટિકીટ | ૫૦-૦૦ |
| ● મુવી કેમેરા શુટીંગ પ્રવેશ ટિકીટ | ૧૦૦-૦૦ |
| ● ધંધાદારી ફિલ્મ નિર્માતાઓ તથા ટી.વી.(પ્રથમ દિવસ) સીરીયલ્સના નિર્માતાઓને શુટીંગ માટેની ફી | ૧૦૦૦૦-૦૦ |
| (બાકીના પ્રત્યેક્ષ દિવસ માટે) | ૧૦૦૦૦-૦૦ |

- દર સોમવારે પ્રાણીસંગ્રહાલય મુલાકાતીઓ માટે બંધ રહે છે.

**(૨) પ્રાણીસંગ્રહાલય જોવા માટેનો સમય**

માર્ચ થી ઓક્ટોબર - સવારે ૯.૦૦ થી સાંજના ૬.૧૫ સુધી

નવેમ્બર થી ફેબ્રુઆરી - સવારે ૯.૦૦ થી સાંજના ૫.૩૦ સુધી

(૩) **પ્રાણીસંગ્રહાલયનું સરનામું : કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડન,**
કાંકરીયા, અમદાવાદ - ૩૮૦ ००૮.
ફોન નં. : ०७૯-૨૫૪૬૩૪૧૫

### ૧૨-૧૩.૧/૨ નોક્ટરલ ઝૂ ની માહિતી

| (૧) | **ટીકિટના દરની વિગત** | **દર (રૂા.)** |
|---|---|---|
| ● | ૧૨ વર્ષ સુધીની વ્યક્તિઓ માટે (બાળક પ્રવેશ) | ૨૦-૦૦ |
| ● | ૧૨ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે (વાલી પ્રવેશ) | ૫૦-૦૦ |
| ● | શૈક્ષણિક પ્રવેશ ટિકીટ | ૨૦-૦૦ |

**નોક્ટરલ ઝૂ જોવા માટેનો સમય :** સવારે ૯.૦૦ થી રાત્રિના ૮.૩૦ સુધી

**નોક્ટરલ ઝૂ હિલિયમ બલૂન પાસે આવેલ છે.**

### ૧૨-૧૩.૨ બાલવાટિકાની માહિતી

| (૧) | **ટીકિટના દરની વિગત** | **દર (રૂા.)** |
|---|---|---|
| ● | ૩ વર્ષ સુધીના બાળકોને મફત પ્રવેશ | - |
| ● | ૩ વર્ષ થી ૧૨ વર્ષ સુધીની વ્યક્તિઓ માટે (બાળક પ્રવેશ) | ૨-૦૦ |
| ● | ૧૨ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે (વાલી પ્રવેશ) | ૩-૦૦ |
| ● | શૈક્ષણિક પ્રવેશ ટિકીટ | ૧-૦૦ |
| ● | દર ગુરુવારે પ્રાણીસંગ્રહાલયના શૈક્ષણિક પરમીટ ઉપર શૈક્ષણિક પ્રવાસે આવતી સંસ્થાઓને મફત પ્રવેશ | - |
| ● | વિકલાંગ મુલાકાતીઓને મફત પ્રવેશ | - |
| ● | સાદા કેમેરા પ્રવેશ ટિકીટ | ૫-૦૦ |
| ● | મુવી કેમેરા (૮ એમ.એમ.) પ્રવેશ ટિકીટ | ૨૫-૦૦ |
| ● | મુવી કેમેરા (૧૬ એમ.એમ.) પ્રવેશ ટિકીટ | ૫૦-૦૦ |
| ● | મુવી કેમેરા શુટીંગ પ્રવેશ ટિકીટ | ૧૦૦-૦૦ |
| ● | ધંધાદારી ફિલ્મ નિર્માતાઓ તથા ટી.વી.(પ્રથમ દિવસ) સીરીયલ્સના નિર્માતાઓને શુટીંગ માટેની ફી | ૧૦૦૦૦-૦૦ |
| | (બાકીના પ્રત્યેક્ષ દિવસ માટે) | ૧૦૦૦૦-૦૦ |
| ● | નભોદર્શન બાળકો માટે ટીકીટદર રૂા.૧૦.૦૦, વાલી માટે ટીકીટ દર રૂા.૧૫.૦૦ | |

(૨) **બાલવાટિકા જોવા માટેનો સમય :**

સવારે ૯.૦૦ થી રાત્રે ૧૦.૧૫ સુધી

(૩) **બાલવાટિકાનું સરનામું :** **ચાચા નહેરુ બાલવાટિકા**
કાંકરીયા, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.
ફોન નં. : ૦૭૯-૨૫૪૬૭૮૨૩

## ૧૨-૧૩.૩ નેચરલ હીસ્ટ્રી મ્યુઝિયમ

(૧) નેચરલ હીસ્ટ્રી મ્યુઝિયમની પ્રવેશ ટીકિટનો સમાવેશ બાલવાટીકા પ્રવેશની ટીકીટમાં થઈ જાય છે.

(૨) **સમય :** સવારે ૯-૦૦ થી રાત્રે ૧૦.૧૫ સુધી

(૩) **સરનામું :** પદમશ્રી રૂબિન ડેવિડ પ્રાકૃતિક સંગ્રહસ્થાન
બાલવાટિકા સામે,
કાંકરીયા, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.
ફોન નં. : ૦૭૯-૨૫૪૬૭૮૨૩

૧૨-૧૩.૫ રસાલાનેચર પાર્ક

- બાળક્રિડાંગણ વિભાગમાં ૭ વર્ષ સુધીના બાળકોને પ્રવેશ અને રસાલા નેચર પાર્ક તમામ વ્યક્તિ માટે નિઃશુલ્ક નીચેના સમય મુજબ ખુલ્લો છે.

સમય : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦
બપોરે ૩.૦૦ થી ૬.૦૦
(શિયાળાની ઋતુ)
સવારે ૮.૦૦ થી ૧૨.૦૦
બપોરે ૩.૦૦ થી ૭.૦૦ (ઉનાળા અને ચોમાસાની ઋતુ)

સરનામું : રસાલા નેચર પાર્ક
એલીસબ્રીજ જીમખાના સામે,
લો-ગાર્ડન વિસ્તાર,
એલીસબ્રીજ, અમદાવાદ.
ફોન નં. : ૦૭૯-૨૫૪૬૩૪૧૫

૧૨-૧૩.૬ વન ટ્રી હીલ ગાર્ડન

- વન ટ્રી હીલ ગાર્ડન તમામ વ્યક્તિઓ માટે નિઃશુલ્ક નીચેના સમય મુજબ ખુલ્લો છે.

સમય : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦
બપોરે ૨.૦૦ થી ૧૦.૦૦ (રાત્રે)

સરનામું : વન ટ્રી હીલ ગાર્ડન
પુષ્પકુંજ સર્કલ પાસે, કાંકરીયા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮ ફોન નં. : ૦૭૯-૨૫૪૬૩૪૧૫

**૧૨-૧૩.૭ બટરફ્લાય પાર્ક**

| (૧) | **ટીકિટના દરની વિગત** | **દર (રૂા.)** |
|---|---|---|
| ● | ૫ વર્ષ સુધીના બાળકોને મફત પ્રવેશ | - |
| ● | ૫ વર્ષ થી ૧૨ વર્ષ સુધીની વ્યક્તિઓ માટે (બાળક પ્રવેશ) | ૦૫-૦૦ |
| ● | ૧૨ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે (વાલી પ્રવેશ) | ૧૦-૦૦ |

**બટરફ્લાય પાર્ક જોવા માટેનો સમય**

માર્ચ થી ઓક્ટોબર - સવારે ૯.૦૦ થી સાંજના ૬.૧૫ સુધી

નવેમ્બર થી ફેબ્રુઆરી - સવારે ૯.૦૦ થી સાંજના ૫.૩૦ સુધી

- સ્કાયડરમેન રાઈડસ ટીકીટ દર વ્યક્તિ દીઠ દર રૂા. ૨૫.૦૦,
- સ્કાયડરમેન જુનીયર રાઈડસ ટીકીટ દર વ્યક્તિ દીઠ દર રૂા. ૧૫.૦૦
- ફોન નં. : ૦૭૯-૨૫૬૨૧૩૨૯

**૧૨-૧૩.૫ નગીનાવાડી**

| **વિગત** | **દર (રૂા.)** |
| --- | --- |
| • નગીનાવાડીમાં સવારે ૬.૦૦ થી ૯.૦૦ પ્રવેશ | - |
| • નગીનાવાડી પ્રવેશ | ૩-૦૦ |
| • મ્યુઝીકલ ફાઉન્ટેઈન પ્રવેશ | ૨૦-૦૦ |
| • મ્યુઝીકલ ફાઉન્ટેઈન કન્સેશનલ પ્રવેશ | ૧૭-૦૦ |

**નગીનાવાડીમાં ફૂડ કાઉન્ટરનો ચાર્જ અલગ રહેશે.**

નગીનાવાડી સમય : સવારે ૬.૦૦ થી રાત્રે ૧૧.૦૦ સુધી
નગીનાવાડી મ્યુઝીકલ ફાઉન્ટેઈન સમય : સાંજે ૭.૦૦ થી રાત્રે ૧૧.૦૦

કાંકરીયા તળાવ બોટીંગ

| **વિગત** | **દર (રૂા.)** |
| --- | --- |
| • મોટી બોટ પ્રતિ રાઉન્ડ | ૨૦-૦૦ |
| • મોટી બોટ કન્સેશનલ | ૧૬-૦૦ |
| • પેડલ બોટ પ્રતિ ૨૦ મિનિટ | ૨૦-૦૦ |
| • પેડલ બોટ પેનલ્ટી | ૧૦-૦૦ |
| • સ્પીડ બોટ | ૧૩૦-૦૦ |
| • પોન્ટુન | ૧૩૦-૦૦ |
| • જેટ સ્કાઈ | ૨૫૦-૦૦ |

સમય : સવારે ૭.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી

સરનામું : મ્યુઝિકલ ફાઉન્ટેઈન અને બોટીંગ વિભાગ
આમ્રપાલી ઈન્ડ. લી.
નગીના વાડી,
કાંકરીયા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮.
ફોન નં. : ૦૭૯-૬૫૨૪૦૦૮૧

# પ્રકરણ - ૧૪

# ઈલેક્ટ્રોનીક સ્વરૂપે માહિતી

# અમદાવાદ મહાનગર પાલિકા
# ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતુ)

# પાના નં. ૪૭

# પ્રકરણ ૧૪
# ઈલેક્ટ્રોનીક સ્વરૂપે માહિતી

**૧૪.૧ ઝૂ કોમ્પલેક્ષની માહિતી**

**www. ahmedabadcity.gov.in** તથા **www.ahmedabadzoo.in** ઉપર ઉપલબ્ધ છે.

# પ્રકરણ - ૧૫

# ગ્રંથાલય, વાંચનાલય

# અમદાવાદ મહાનગર પાલિકા
# ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતુ)

# પાના નં. ૪૯

# પ્રકરણ ૧૫
# ગ્રંથાલય, વાંચનાલય

૧૫.૧ પુસ્તકાલય ખાતુ

અમદાવાદ મહાનગર પાલિકા,

ભાઈશંકર નાનાભાઈ લાયબ્રેરી,

બીજે માળે, રાયપુર ચકલા પાસે,

અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન નં. (ઓફિસ) : ૦૭૯-૨૨૧૪૦૨૨૯

૩૨૯૮૪૧૬૬

૧૫.૨ શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય

અમદાવાદ મહાનગર પાલિકા,

શેઠ મંગળદાસ ગિરધરદાસ મેમોરિયલ હોલ પાસે,

એલિસબ્રીજ,

અમદાવાદ - ૬.

ફોન નં. (ઓફિસ) : ૦૭૯-૨૬૫૭૮૫૧૩

૦૭૯-૨૬૫૭૮૫૭૯

ફેક્સ નં. : ૦૭૯-૨૬૫૮૬૯૦૮

# પ્રકરણ - ૧૬

# જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દો, સરનામા અને ફોન નંબર.
# અમદાવાદ મહાનગર પાલિકા ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતુ)

# પાના નં. ૫૧

# પ્રકરણ ૧૬

**પ્રકરણ ૧૬**

**એપેલેટ / જાહેર માહિતી અધિકારીશ્રીઓના નામ, હોદ્દો, સરનામા અને ફોન નંબર**

## ૧૬.૧ ઝૂ કોમ્પલેક્ષ ( ઝૂ ખાતું )ના એપેલેટ અધિકારી

| અ. નં. | નામ | હોદ્દો | ફોન નં. ઓફીસ | ફોન નં. ઘર | મોબાઈલ નં. | ફેક્સ નં. | સરનામું. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડો.આર.કે.સાહુ | ઝૂ ડાયરેક્ટર | ૦૭૯-૨૫૪૬૩૪૧૫ | | ૦૯૩૨૭૦૩૮૭૯૧ | ૦૭૯-૨૫૪૬૩૮૧૮<br>૦૭૯-૨૫૩૫૦૯૨૬ | ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરી, કમલા નહેરૂ ઝૂઓલોજીકલ ગાર્ડન, કાંકરિયા, અમદાવાદ-૩૮૦૦૦૮ |

## ૧૬.૨ ઝૂ કોમ્પલેક્ષ - ( ઝૂ ખાતું) ઝૂ અને બાલવાટિકાના માહિતી અધિકારી

| અ. નં. | નામ | હોદ્દો | ફોન નં. ઓફીસ | ફોન નં. ઘર | મોબાઈલ નં. | ફેક્સ નં. | સરનામું. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ભરતસિંહ પી. વિહોલ | આસી. ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૭૯-૨૫૪૬૩૪૧૫ | -------- | ૦૯૩૨૭૦૮૭૩૪૫<br>૦૯૭૧૨૯૬૭૦૦૪ | ૦૭૯-૨૫૪૬૩૮૧૮<br>૦૭૯-૨૫૩૫૦૯૨૬ | ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરી, કમલા નહેરૂ ઝૂઓલોજીકલ ગાર્ડન, કાંકરિયા, અમદાવાદ-૩૮૦૦૦૮ |

# પ્રકરણ - ૧૭

# માહિતી મેળવવા માટે
# નાગરિકોને
# ઉપલબ્ધ સવલતોની વિગતો

# અમદાવાદ મહાનગર પાલિકા
# ઝૂ કોમ્પલેક્ષ (ઝૂ ખાતુ)

# પાના નં. ૫૩ થી ૫૪

## પ્રકરણ ૧૭
## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો.

૧૭.૧ ઝૂ કોમ્પલેક્ષ દ્વારા લોકોને માહિતી મળે તે માટે વિભાગ દ્વારા અપનાવેલ સાધનો, પદ્ધતિઓ અને સવલતો.

- મહાનગર પાલિકાની વેબસાઈટ www.ahmedabadcity.gov.in
- ઝૂ વેબસાઈટ www.ahmedabadzoo.in
- વર્તમાન પત્રો (જરૂરીયાત મુજબના પ્રસંગે), નોટીસ બોર્ડ
- શહેરમાં આવેલ લોકલ કેબલ નેટવર્ક (જરૂરીયાત મુજબના પ્રસંગે)

કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડન, કાંકરીયા, અમદાવાદનો નકશો.

